# KP-1226-1277 Seat No.________

## B. A. (Sem. I) Examination
## November / December - 2017
## Gujarati : CE - 101

**૧. પદ્યકૃતિનો અભ્યાસ (ઓખાહરણ - પ્રેમાનંદ)** *(Old Course)*

**૨. પદ્યકૃતિનો અભ્યાસ - પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક - ખંડ-૧ - સંપા. ચંદ્રકાન્ત શેઠ** *(New Course)*

Time : 3 Hours] [Total Marks : **70**

**૧. પદ્યકૃતિનો અભ્યાસ (ઓખાહરણ - પ્રેમાનંદ)** *(Old Course)*

**સૂચના :** જમણી બાજુના આંકડા જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ મધ્યકાલીન કાવ્યસ્વરૂપ તરીકે પદ તથા આખ્યાન કાવ્યસ્વરૂપનો સામાન્ય પરિચય આપો. **૧૪**

**અથવા**

૧ નીચેનામાંથી કોઈ પણ ચાર છંદ ઉદાહરણ સાથે સમજાવો : **૧૪**

(૧) પૃથ્વી (૨) મંદાક્રાન્તા

(૩) શિખરિણી (૪) ચોપાઈ

(૫) હરિગીત (૬) વસંતતિલકા.

૨ આખ્યાન એટલે શું ? તે જણાવી આખ્યાન સાહિત્યસ્વરૂપનાં લક્ષણો જણાવો. **૧૪**

**અથવા**

૨ 'ઓખાહરણ' આખ્યાનનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **૧૪**

૩ 'ઓખાહરણ'ને આધારે આખ્યાનકાર પ્રેમાનંદની સિદ્ધિઓ જણાવો. ૧૪

**અથવા**

૩ 'ઓખાહરણ'ને આધારે પ્રેમાનંદની પાત્રનિરૂપણકલાની સિદ્ધિઓ જણાવો. ૧૪

૪ ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે) ૧૪

(૧) 'ઓખાહરણમાં રસનિરૂપણ

(૨) 'ઓખાહરણ'ની ભાષાશૈલી

(૩) ઓખા-અનિરુદ્ધનો મિલન પ્રસંગ

(૪) 'ઓખાહરણ' શીર્ષકની યોગ્યતા.

૫ નીચેનામાંથી કોઈ પણ સાતના ટૂંકમાં ઉત્તર આપો : ૧૪

(૧) પદ્યવાર્તા સ્વરૂપની બે વિશેષતાઓ જણાવો.

(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કોઈપણ ચાર આખ્યાનકારોનાં નામો આપો.

(૩) શાર્દૂલવિક્રીડિત છંદ ઉદાહરણ સાથે સમજાવો.

(૪) પ્રેમાનંદની કોઈ પણ ચાર આખ્યાનકૃતિઓનાં નામો જણાવો.

(૫) બાણાસુર તપ કરીને શંકર ભગવાન પાસેથી કયું વરદાન માંગે છે ?

(૬) એકદંડીયા મહેલમાં ઓખાની મનઃસ્થિતિ કેવી છે ?

(૭) ચિત્રલેખાની ચમત્કારિક શક્તિ કયા પ્રસંગમાં જોવા મળે છે ?

(૮) ઓખાહરણમાં આવતાં સ્ત્રીપાત્રોની યાદી આપો.

(૯) ઓખાને પાર્વતી કયાં કયાં વરદાન આપે છે ?

(૧૦) શિવજીની સેનામાં કયા કયા યોદ્ધાઓ જોડાયેલા છે ?

(૧૧) કડવાના ત્રણ ભાગ કયા કયા ?

(૧૨) 'ઓખાહરણ' આખ્યાનની ફલશ્રુતિ કઈ છે ?

## ૨. પદ્યકૃતિનો અભ્યાસ - પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક - ખંડ-૧ - સંપા. ચંદ્રકાન્ત શેઠ *(New Course)*

**સૂચના :** જમણી બાજુના આંકડા જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ (અ) નીચેનામાંથી કોઈ પણ એક કાવ્યસ્વરૂપનો પરિચય આપો : ૭

(૧) પદ (૨) છપ્પો (૩) આખ્યાન.

(બ) નીચેનામાંથી કોઈ પણ એક સર્જકનું જીવન-કવન જણાવો : ૭

(૧) નરસિંહ મહેતા

(૨) મીરાંબાઈ

(૩) દયારામ.

૨ નીચેનામાંથી કોઈ પણ એક કાવ્યનો રસલક્ષી આસ્વાદ કરાવો : ૧૪

(૧) ભૂતળ ભક્તિ પદારથ મોટું

(૨) રૂડી ને રંગીલી રે....

(૩) કાળજ કોર્યું તે કોને કહીએ ?

૩ ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે) ૧૪

(૧) અખાના છપ્પાઓની ભાષાશૈલી

(૨) 'જળ કમળ......' કાવ્યમાં કૃષ્ણની બાળલીલા.

(૩) 'નળાખ્યાન'માં હારચોરીનો પ્રસંગ.

(૪) પ્રશિષ્ટ ગુજરાતી કાવ્ય ઝલક ખંડ-૧માં કૃષ્ણ પ્રેમનાં પદો.

૪ નીચેનામાંથી કોઈ પણ ચાર છંદ સદૃષ્ટાંત સમજૂતી સાથે સમજાવો : ૧૪

(૧) શિખરિણી (૨) મંદાક્રાન્તા

(૩) વસંતતિલકા (૪) ચોપાઈ

(૫) ઝૂલણા (૬) અનુષ્ટુપ

૫ નીચેનામાંથી કોઈ પણ સાતના ટૂંકમાં ઉત્તર આપો : ૧૪

(૧) પદ સાહિત્યસ્વરૂપનાં બે લક્ષણો જણાવો.

(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં પદ્ય સાહિત્ય સ્વરૂપો જણાવો.

(૩) આખ્યાન સાહિત્યસ્વરૂપનાં આંતરિક લક્ષણો જણાવો.

(૪) નરસિંહ મહેતા વિશેની કોઈ પણ એક દંતકથા જણાવો.

(૫) અખાનો કોઈ પણ એક છપ્પો જણાવો.

(૬) 'રામ રાખે તેમ રહીએ' એમ મીરાં શા માટે કહે છે ?

(૭) 'બંસી બોલના કવિ' તરીકે કોણ જાણીતું છે ?

(૮) નાગણો વિલાપ શા માટે કરે છે ?

(૯) ભગવાનના ભક્તો મુક્તિ શા માટે માગતા નથી ?

(૧૦) છંદમાં શ્રુતિભંગ એટલે શું ?

(૧૧) માત્રામેળ છંદમાં કયા કયા છંદો સમાવિષ્ટ થાય છે ?

(૧૨) પૃથ્વી છંદમાં રચાયેલી કોઈ પણ એક પંક્તિ જણાવો.

---